Date :- 03-08-2025

Divya Bhaskar, Page-02, Surat

સન્ડે) ફોટો સ્ટોરી

# મેટ્રો પ્રોજેક્ટ: પ્રાયોરિટી કોરિડોર પર એક કિલોમીટર ટ્રેક નાખવાનું કામ પૂર્ણ



**સુરત :** સુરત શહેરમાં ટ્રાફિકની ગંભીર સમસ્યાને ઉકેલવા અને શહેરી ટ્રાફિકને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલો મેટ્રો રેલ પ્રોજેક્ટ હવે ધીમે ધીમે અંતિમ તબક્કા તરફ આગળ વધી રહ્યો છે. જોકે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) એ અગાઉ જૂન 2025 સુધીમાં મેટ્રોનો પ્રથમ તબક્કો એટલે કે સિવિલ વર્ક પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો પરંતુ હવે આ લક્ષ્યાંક બદલીને જૂન 2026 કરવામાં આવ્યો છે. આમાં, પ્રાયોરિટી કોરિડોર પર માત્ર સિવિલ વર્ક જ નહીં પણ મેટ્રો કામગીરી પણ શરૂ થશે. લાઈન 1 એ ડ્રીમ સિટીથી કાદરશાહની નાળ વચ્ચે 11 કિલોમીટર લાંબો એલિવેટેડ મેટ્રો પ્રાયોરિટી કોરિડોર છે. અહીં, સોહમ સર્કલથી અલથાણ ટેનામેન્ટ વચ્ચે 1 કિલોમીટર મેટ્રો રેલ ટ્રેકનું કામ પૂર્ણ થયું છે. તસવીર : રિતેશ પટેલ